

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 098
Dt.: 12-02-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa

સ્કૂલમાં કુલ ૧૭૫ વિદ્યાર્થીઓ હાજર હતા

# કેનેડાની હાઈસ્કૂલમાં ફાયરિંગઃ શૂટર સહિત ૧૦નાં મોત, ૨૫થી વધુ ઘાયલ

## બ્રિટિશ કોલંબિયાના પબ્લિક સેફ્ટી મંત્રી અને સોલિસિટર જનરલ નીના ક્રિગરે આ ગોળીબારને 'હૃદયદ્રાવક' ગણાવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના ઉત્તર-પૂર્વીય ભાગમાં મંગળવારે એક હાઈસ્કૂલમાં ભયાનક ગોળીબાર થયો. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ૨૫થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે.પીસ રિવર સાઉથ સ્કૂલ પ્રશાસને તરત જ સેકન્ડરી સ્કૂલ અને ટમ્બલર રિજ એલિમેન્ટરી સ્કૂલને સાવચેતીના ભાગરૂપે બંધ કરી દીધી. તમામ બાળકો અને સ્ટાફને શાળાની અંદર સુરક્ષિત રાખવામાં આવ્યા હતા.વિસ્તારના ધારાસભ્ય લેરી ન્યુફેલ્ડે જણાવ્યું કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. તેમણે કહ્યું કે હાલમાં વધુ માહિતી શેર કરી શકાતી નથી, કારણ કે ઓપરેશન હજુ ચાલુ છે અને સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા છે.તેમણે લોકોને અપીલ કરી કે જે લોકો પોતાના પરિવારજનોને શોધવા માટે બહાર આવ્યા છે, તેઓ પોતાના ઘરે પાછા ફરે અને ત્યાં જ સુરક્ષિત રહે, જેથી પોલીસ પોતાનું કામ બરાબર કરી શકે.સરકારી વેબસાઈટ અનુસાર, ટમ્બલર રિજ સેકન્ડરી સ્કૂલમાં ધોરણ ૭ થી ૧૨ સુધીના કુલ ૧૭૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (ઈઝરૅ) ના નોર્થ ડિસ્ટ્રિક્ટ કમાન્ડર કેન ફ્લોયડે જણાવ્યું કે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી હતી અને સ્થિતિ ઘણી ગંભીર હતી. તેમણે જણાવ્યું કે શાળા પ્રશાસન, ઈમરજન્સી ટીમો અને સ્થાનિક લોકોના સહયોગથી



પોલીસને કાર્યવાહી કરવામાં મદદ મળી.પોલીસના જણાવ્યા અનુસાર, બપોરે લગભગ ૧ વાગીને ૨૦ મિનિટે શાળામાં ગોળીબારની સૂચના મળી હતી. સૂચના મળતા જ પોલીસ શાળાની અંદર દાખલ થઈ. ત્યાં ઘણા લોકો ઘાયલ અને મૃત હાલતમાં મળ્યા.એક વ્યક્તિ જેને હુમલાખોર માનવામાં આવી રહ્યો છે તે પણ મૃત હાલતમાં મળી આવ્યો. તેના શરીર પર પોતાને ઈજા પહોંચાડવાના નિશાન મળ્યા છે.હુમલાખોર ઉપરાંત અન્ય છ લોકો શાળાની અંદર મૃત મળ્યા. બે ઘાયલોને ગંભીર હાલતમાં હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલ મોકલવામાં આવ્યા. અન્ય એક વ્યક્તિનું હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં મૃત્યુ થયું. લગભગ ૨૫ લોકોને સામાન્ય ઈજાઓ સાથે સ્થાનિક મેડિકલ સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા.પોલીસે જણાવ્યું કે શાળાના બાકીના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે. સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને મામલાની તપાસ ચાલુ છે. અકસ્માત સ્થળે ઈમરજન્સી એલર્ટ સમાપ્તબ્રિટિશ કોલંબિયાના પબ્લિક સેફ્ટી મંત્રી અને સોલિસિટર જનરલ નીના ક્રિગરે આ ગોળીબારને 'હૃદયદ્રાવક' ગણાવ્યો છે. તેમણે કહ્યું કે તેમની સરકાર લોકોની મદદ માટે શક્ય તમામ મદદ કરશે.ક્રિગરે કહ્યું કે ઈઝરૅ એ ટમ્બલર રિજમાં જારી ઈમરજન્સી એલર્ટ સમાપ્ત કરી દીધું છે. પોલીસનું માનવું છે કે હવે કોઈ અન્ય શંકાસ્પદ ફરાર નથી અને સામાન્ય લોકો માટે કોઈ જોખમ નથી.આ દરમિયાન, ટમ્બલર રિજના એલિમેન્ટરી અને સેકન્ડરી શાળાઓને આ અઠવાડિયા માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્કૂલ ડિસ્ટ્રિક્ટે ઓનલાઈન જારી કરેલા નિવેદનમાં જણાવ્યું કે આ દુઃખદ ઘટનાને કારણે બંને શાળાઓ આખા અઠવાડિયા સુધી બંધ રહેશે.

---

સસ્તા વિદેશી શ્રમિકોની આયાતથી અમેરિકન નાગરિકોને નુકસાન થતું હોવાની દલીલ

# H1B વિઝા પ્રોગ્રામને બંધ કરવા US સાંસદે બિલ રજૂ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક/વોશિંગ્ટન

અમેરિકામાં પ્રેસિડન્ડ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના એક સાંસદે એચ-વનબી વિઝા પ્રોગ્રામને બંધ કરવા માટેનું એક બિલ રજૂ કર્યુ છે. તેમણે દલીલ કરી છે કે કંપનીઓ આ પ્રોગ્રામનો દુરુપયોગ કરે છે અને અમેરિકામાં સસ્તા વિદેશી મજૂરોની આયાત કરે છે. H-1B વિઝા પ્રોગ્રામના 80 ટકાથી વધુ લાભાર્થીઓ ભારતીય અથવા ચીની નાગરિકો છે.ફ્લોરિડામાંથી રિપબ્લિકન પ્રતિનિધિ ગ્રેગ સ્ટુબે 'એન્ડિંગ એક્સપ્લોઈટેટિવ ઈમ્પોર્ટેડ લેબર એકઝેમ્પશન એક્ટ અથવા એક્ઝાઈલ એક્ટ' નામનું આ બિલ રજૂ કર્યુ છે. તેમાં H-1B વિઝા પ્રોગ્રામનો અંત લાવી ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી ધારામાં સુધારા કરવાની જોગવાઈ છે. સ્ટુબે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકન નાગરિકોના કલ્યાણ અને સમૃદ્ધિના ભોગે વિદેશી શ્રમિકોને પ્રાથમિકતા આપવી તે આપણા મૂલ્યો અને રાષ્ટ્રીય હિતોને નબળા પાડે છે. અમેરિકન શ્રમિકો અને યુવાનોને H-1B વિઝા પ્રોગ્રામને કારણે નોકરી મળતી નથી. આ પ્રોગ્રામ અમેરિકાના શ્રમિકોના ભોગે કંપનીઓ અને વિદેશી સ્પર્ધકોને ફાયદો કરાવે છે. આપણે બિન-નાગરિકોને નોકરીઓ આપીને આપણા બાળકોના અમેરિકન ડ્રીમને સાકાર કરી શકીશું નહીં. H-1B વિઝાથી અમેરિકન શ્રમિકોને કેવી રીતે ગેરલાભ થાય છે તેના ઉદાહરણો આપતા નિવેદનમાં જણાવ્યું હતું કે વિઝા પ્રોગ્રામે 5,000થી વધુ વિદેશી મૂળના ડોકટરોના આગમનને કારણે 10,000થી વધુ યુએસ ડોકટરોને રેસિડેન્સી પ્રોગ્રામ્સનો લાભ મળ્યો ન હતો. 2025માં 9,000થી વધુ H-1B વિઝાની મંજૂરી પછી માઈક્રોફટમાં 16,000થી કર્મચારીઓની છટણી થઈ હતી. ડિઝનીએ 2015માં 250 કર્મચારીઓને છૂટા કરી તેમની જગ્યાએ H-1B વિઝા પ્રોગ્રામથી આવેલા વિદેશી કામદારોને નોકરી પર રાખ્યાં હતાં. અમેરિકામાં નોકરી કરવા અને રહેવા મોટી સંખ્યામાં ભારતીય પ્રોફેશનલો H-1B વિઝાનો ઉપયોગ કરે છે.

---

૧૫ ખાનગી એરલાઈન્સ પર 'સર્જિકલ સ્ટ્રાઈક'

# અજિત પવારના પ્લેન ક્રેશ મામલે DGCAએ કરી મોટી કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને NCPના દિગ્ગજ નેતા અજિત પવારનું તાજેતરમાં એક વિમાન દુર્ઘટનામાં થયેલ આકસ્મિક નિધને સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ હાઈ-પ્રોફાઈલ દુર્ઘટના બાદ હવે કેન્દ્ર સરકાર અને નાગરિક ઉડ્ડયન નિયામક(DGCA) એક્શન મોડમાં આવ્યા છે. સુરક્ષામાં રહેલી મોટી ખામીઓની આશંકાને પગલે DGCA એ દેશની 15 જેટલી ખાનગી વિમાન કંપનીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી શરૂ કરી છે, જેને ઉડ્ડયન ક્ષેત્રની 'સર્જિકલ સ્ટ્રાઈક' માનવામાં આવી રહી છે.

ગયા મહિને 28 જાન્યુઆરી, 2026ના રોજ બારામતી એરપોર્ટ પર એક ભયાનક દુર્ઘટના ઘટી હતી. કેનેડિયન કંપની બોમ્બાર્ડિયર દ્વારા નિર્મિત 'લીયરજેટ-45 XR'(VT-SSK) વિમાન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં અજિત પવાર સહિત પાંચ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જોકે, આ ઘટના બાદ DGCA દ્વારા 2 ફેબ્રુઆરીએ જ તપાસના આદેશ અપાયા હતા, પરંતુ તેની સત્તાવાર જાણકારી હવે સામે આવી છે, જે તંત્રની કામગીરી પર પણ પ્રશ્નો ઉભા કરે છે.અજિત પવારના આકસ્મિક નિધન બાદ નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર ચર્ચાઓ જાગી છે. આ ઘટનાને પગલે DGCA એ કડક વલણ અપનાવતા સુરક્ષા માપદંડોમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ ન કરવાના હેતુથી વીએસઆર વેન્ચર્સ(VSR Ventures) સહિત કુલ 15 નોન-શેડ્યુલ ઓપરેટર્સ માટે વિશેષ સેફ્ટી ઓડિટના કડક આદેશો જાહેર કર્યા છે. ખાનગી વિમાનોની સુરક્ષાની વાસ્તવિકતા તપાસવા માટે આ ઓડિટ પ્રક્રિયા 4 ફેબ્રુઆરીથી તબક્કાવાર શરૂ કરી દેવામાં આવી છે. આ તપાસમાં વીએસઆર વેન્ચર્સને ખાસ તાકીદ કરવામાં આવી છે કે તેઓએ આગામી 15 ફેબ્રુઆરી, 2026 સુધીમાં પોતાનો સંપૂર્ણ સેફ્ટી ઓડિટ રિપોર્ટ સબમિટ કરવાનો રહેશે, જેથી ભવિષ્યમાં આવી જીવલેણ દુર્ઘટનાઓ નિવારી શકાય.

---

'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની'ની પ્રિન્ટ કે ડિજિટલ કોપી હજુ પ્રકાશિત થઈ નથીઃ પ્રકાશક

# પૂર્વ આર્મી ચીફ નરવણેએ પોતાના વિવાદી પુસ્તક અંગે આખરે મૌન તોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહાનગર મુંબઈના વિસ્તાર અને વિકાસી સીમાઓ સતત વધી રહી છે. મહારાષ્ટ્ર કેબિનેટે નવી મુંબઈની જેમ જ હવે અટલ સેતુ તરીકે ઓળખાતા મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્કની નિકટના વિસ્તારોમાં ત્રીજું મુંબઈ બનાવવાનો નિર્ણય લીધો છે અને તે માટેની જમીન સંપાદન તથા ફાળવણી નીતિને મંજૂરી આપી છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજિયન માં આયોજિત નગરવિકાસ અને રોકાણને વેગ આપવાના હેતુથી આ નીતિ ઘડવામાં આવી છે.અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવા શેવા અટલ સેતુ નજીકના વિસ્તારોને વિકસાવવા માટે આ નીતિ લાગુ પડશે. સુનિયોજિત શહેરીકરણ, ઔદ્યોગિક રોકાણ, લોજિસ્ટિક્સ સુવિધાઓથી સજ્જ રહેણાક-વાણિજિયક માળખું વિકસાવવાની આ નિર્ણયમાં સ્પષ્ટ જોગવાઈઓ છે. નવી પોલિસીમાં જમીન સંપાદનની કાર્યવાહી મહારાષ્ટ્ર રિજિયોનલ એન્ડ ટાઉન પ્લાનિંગ એક્ટ ૧૯૬૬ની કલમ ૧૨૬ અન્વયે પરસ્પર સંમતિથી અથવા તો લેન્ડ એક્વિઝિશન એકટની જોગવાઈ હેઠળ વળતર ચૂકવીને હાથ ધરવામાં આવશે. જમીન સંપાદન બદલ મળનારા વળતરને ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ અથવા ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ (TDR) સ્વરૂપે ચૂકવવામાં આવશે. નવી નીતિમાં ૨૨.૫ ટકા લેન્ડ રિટર્ન પોલિસી અમલમાં આવશે. ખાનગી રોકાણકારોએ વાટાઘાટો મારફતે હસ્તગત કરેલી જમીન હશે તો અસરગ્રસ્ત લોકોને સરકાર દ્વારા પ્લોટ ફાળવવામાં આવશે. ૨૫ ટકા સુધીના વિસ્તારમાં સીધા વિદેશી મૂડીરોકાણને મંજૂરી આપવામાં આવી છે. પૂર્વ આર્મી ચીફ એમ એમ નરવણેએ ડિસેમ્બર ૨૦૨૩માં કરેલી સોશિયલ મીડિયા પોસ્ટને ટાંકી વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આ પુસ્તક ઉપલબ્ધ થઈ ગયું હોવાનું નરવણેએ જ કહ્યું હતું. પ્રકાશકના દાવા કરતાં પૂર્વ સૈન્ય વડાની વાત પર વધુ ભરોસો છે. રાહુલે કહ્યું હતું કે, નરવણેની ટ્વિટને તેમણે રજૂ કરી છે. તે સમયે નરવણે જૂઠ્ઠું બોલ્યા હશે, પરંતુ નરવણે પૂર્વ આર્મી ચીફ છે તેથી તેઓ ખોટું બોલે તેમ લાગતું નથી. અથવા પેન્ગ્વિન જૂઠ્ઠાણું ચલાવે છે. લેખક અને પ્રકાશક બંને સાચા હોઈ શકે નહીં.પ્રી-ઓર્ડર અને પ્રકાશિત પુસ્તક વચ્ચે ફરક છેઃ પ્રકાશકનો રાહુલ ગાંધીને જવાબ 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની'ના પ્રકાશક પેન્ગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા દ્વારા જણાવાયું હતું કે, પ્રી-ઓર્ડર માટે પુસ્તક પ્રાપ્ય હોવાની કોઈ પણ જાહેરાતને પુસ્તક પ્રકાશિત થયું હોવાનું કહી શકાય છે. રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૨૩માં નરવણે દ્વારા થયેલી પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં નરવણેએ કહ્યું હતું કે, 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની' હવે ઉપલબ્ધ છે. રાહુલ ગાંધીના આ દાવાનો ખુલાસો કરતાં પ્રકાશકે કહ્યું હતું કે, પેન્ગ્વિન રેન્ડમ હાઉસ દ્વારા પુસ્તક પ્રકાશનની કામગીરીને સમજવી જોઈએ.

---

તિક્ષ્ણ હથિયારથી હત્યા બાદ હિંસક ટોળાએ દુકાનમાં લૂંટફાટ ચલાવી

# બાંગ્લાદેશમાં હિન્દુ વેપારીની તેની જ દુકાનમાં કરપીણ હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર અત્યાચારની ઘટનાઓ હજુ અટકી નથી. હિંસક કટ્ટરવાદી ટોળાએ ૬૨ વર્ષના હિન્દુ વેપારીની તેની જ દુકાનમાં ઘૂસીને કરપીણ હત્યા કરી હતી.

મીમેનસિંઘ જિલ્લાના ત્રિશાલ ખાતે સોમવારે રાત્રે બનેલી આ ઘટના અંગે સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી છે. સુસેન ચંદ્ર સરકાર ત્રિશલા ખાતે બોગર બજારમાં ભાઈ ભાઈ એન્ટરપ્રાઈઝ નામથી દુકાન ચલાવતા હતા અને નજીકમાં સાઉથકાંડા ગામમાં રહેતા હતા. પોલીસના જણાવ્યા મુજબ, તિક્ષ્ણ હથિયારોથી સરકારની હત્યા કરવામાં આવી હતી અને તેને દુકાનમાં પૂરીને શટર બહારથી બંધ કરી દેવામાં આવ્યુ હતું.

રાત્રિના સમયે સરકાર ઘરે પરત નહીં ફરતા પરિવારજનો શોધખોળ આદરી હતી, જેમાં દુકાનની અંદર લોહીલુહાણ હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. નજીકની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સરકારને લઈ જવાયા હતા, પરંતુ તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

મૃતકના દીકરા સુજન સરકારે જણાવ્યુ હતું કે, તેના પિતા લાંબા સમયથી ચોખાનો વેપાર કરતા હતા અને તેમની કોઈની સાથે દુશ્મની ન હતી.

ટોળાએ દુકાનમાંથી હજારો ટાકા લૂંટી લીધા હતા અને હત્યા કરી હતી. બાંગ્લાદેશમાં ૧૨મી ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે ત્યારે લઘુમતીઓ પર અત્યાચારની ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા જગાવી છે.

---

આજે ભારત બંધનું એલાન

# ભારત બંધથી દેશભરમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થવાની આશંકા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત બંધથી દેશભરમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થવાની આશંકા છે. ૧૨ ફેબ્રુઆરી એટલે કે કાલે ટ્રેડ યુનિયન, કિસાન સંગઠનો અને કેટલાય સામાજિક સંગઠનોએ સરકારની નીતિઓ વિરુદ્ધ આ બંધનું સમર્થન કર્યું છે. આવા સમયે બેંકિંગ સેવાઓ, પબ્લિક ટ્રાન્સપોર્ટ અને સરકારી ઓફિસોના કામકાજ આંશિક રીતે ઠપ થઈ શકે છે. જેનાથી સામાન્ય લોકોને તકલીફ વેઠવી પડશે.

ભારત બંધની અસર ખાસ કરીને મોટા શહેરોમાં જોવા મળી શકે છે. જ્યાં બસ, ટ્રેન અને મેટ્રો સેવાઓ પર અસર પડવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. કેટલાય રાજ્યોમાં ખાનગી સ્કૂલ અને કોલેજ પણ સાવધાનીના ભાગ રૂપે બંધ કરવાનો નિર્ણય લેવાયો છે, જ્યારે અમુક જગ્યા પર ઓનલાઈન કલાસિસનો વિકલ્પ અપનાવી શકે છે.

ભારત બંધના કારણે સરકારી અને ખાનગી બેંકોની શાખાઓમાં કામકાજ પ્રભાવિત થઈ શકે છે. ચેક ક્લિયરન્સ, કેશ ટ્રાન્ઝેકશન અને બ્રાન્ચ વિઝિટ સાથે જોડાયેલા કામમાં મોડું થઈ શકે છે. જો કે ડિજિટલ બેંકિંગ સેવાઓ જેવી કે યુપીઆઈ, નેટ બેન્કિંગ અને એટીએમ સામાન્ય રૂપથી કામ કરતા રહેશે.

પબ્લિક ટ્રાન્સપોર્ટ યુનિયનના સમર્થનના કારણે બસ અને ટેક્સી સેવાઓ કેટલાય શહેરોમાં પ્રભાવિત થઈ શકે છે. અમુક જગ્યા પર રોડ જામ અને પ્રદર્શનના કારણે ટ્રાફિક જામ થવાની સંભાવના રહેલી છે. રેલવે અને ફ્લાઈટ સેવાઓ પર સામાન્ય રીતે મર્યાદિત અસર પડે છે. પણ સ્થાનિક વાહનવ્યવહાર પ્રભાવિત થઈ શકે છે.

કેટલીય સરકારી ઓફિસોમાં કર્મચારીઓની હાજરી ઓછી રહી શકે છે. જેનાથી ફાઈલ વર્ક અને પબ્લિક સર્વિસમાં મોડું થઈ શકે છે. સ્કૂલ અને કોલેજ પ્રશાસન સ્થાનિક હાલતને જોતા રજા અથવા ઓનલાઈન ક્લાસનો નિર્ણય કરી શકે છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે જરૂરી સેવાઓને બંધમાંથી બહાર રાખવામાં આવશે અને કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે સુરક્ષા ફોર્સ તૈનાત કરવામાં આવશે. પ્રશાસને લોકોને અપીલ કરી છે કે અફવાઓથી દૂર રહો અને ખાલી સત્તાવાર સૂચના પર વિશ્વાસ કરવો.

---

# IND vs PAK ના રોમાંચ વચ્ચે વિમાન ભાડામાં 'આગ'

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારત અને શ્રીલંકાના યજમાનપદે રમાઈ રહેલા ટી૨૦ વિશ્વ કપ ૨૦૨૬માં આગામી ૧૫ ફેબ્રુઆરી, રવિવારના રોજ ક્રિકેટ જગતની બે કટ્ટર હરીફ ટીમો ભારત અને પાકિસ્તાન આમને-સામને ટકરાશે. કોલંબોમાં રમાનારી આ મેચને લઈને ચાહકોમાં એટલો ઉન્માદ છે કે દિલ્હી અને મુંબઈથી કોલંબો પહોંચવું હવે સામાન્ય પ્રવાસ નથી રહ્યો, પરંતુ એક મોંઘો સોદો બની ગયો છે. કેટલીક ફ્લાઈટ્સનું ભાડું તો ૬.૬૬ લાખ રૂપિયા સુધી પહોંચી ગયું છે.ભારત-પાકિસ્તાન મેચનો ક્રેઝ હંમેશા આસમાને હોય છે, અને તેનો સીધો ફાયદો એરલાઈન્સ અને હોટલ ઉદ્યોગ ઉઠાવે છે. મેચ જોવા માટે ચાહકોએ માત્ર મોંઘી ફ્લાઈટ જ નહીં, પણ મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડી રહ્યો છે. મેચની ટિકિટો બુક કરવી એ લોટરી લાગવા જેવી બાબત બની ગઈ છે. કોલંબોની હોટલોમાં પણ ભાડા સામાન્ય કરતા ૫ થી ૧૦ ગણા વધી ગયા છે. ડાયરેક્ટ ફ્લાઈટ ન મળવાને કારણે લોકો ૧-સ્ટોપ ફ્લાઈટ પસંદ કરી રહ્યા છે, જેમાં ખાનગી એરલાઈન્સ મનસ્વી રીતે ભાડું વસૂલી રહી છે.



# તંત્રી લેખ......

## H-1B વીઝા બંધ કરવાની તૈયારીમાં અમેરિકા, સંસદમાં રજૂ કર્યું બીલ

અમેરિકાનના એક સાંસદે H-1B વીઝા કાર્યક્રમને ખતમ કરવા માટે એક બિલ રજૂ કર્યું છે. તેમનો દાવો છે કે કંપનીઓએ વારંવાર આ સિસ્ટમનો દુરુપયોગ કર્યો છે અને યુએસમાં સસ્તા વિદેશી મજૂરોની આયાત કરી છે. ફ્લોરિડાના રિપબ્લિકન પ્રતિનિધિ ગ્રેગ સ્ટ્યૂબે EXILE એક્ટ રજૂ કર્યો હતો, જે H-1B વિઝા કાર્યક્રમને નાબૂદ કરવા માટે ઈમિગ્રેશન અને નાગરિકતા કાયદામાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકે છે. ગ્રેગ સ્ટ્યૂબે એક નિવેદનમાં કહ્યું હતું કે, "અમેરિકન નાગરિકોની સુખાકારી અને સમૃદ્ધિ કરતાં વિદેશી કામદારોને પ્રાથમિકતા આપવી આપણા મૂલ્યો અને રાષ્ટ્રીય હિતોને નબળી પાડે છે."

અમેરિકી સાંસદે કહ્યું હતું કે, "આપણા કામદારો અને યુવાનો H-1B વીઝા દ્વારા વધુને વધુ વિસ્થાપિત અને હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે, જે આપણા કાર્યબળના ભોગે કંપનીઓ અને વિદેશી સ્પર્ધકોને ફાયદો પહોંચાડે છે. જ્યારે આપણે આપણા બાળકોના સપનાઓને બિન-નાગરિકોને સોંપી રહ્યા છીએ ત્યારે આપણે તેમને ટકાવી શકતા નથી." એટલા માટે હું મહેનતુ અમેરિકનોને ફરીથી પ્રાથમિકતા આપવા માટે 'EXILE Act' રજૂ કરી રહ્યો છું." એ નોંધનીય છે કે ભારતીય વ્યાવસાયિકોનો મોટો વર્ગ યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા અને કામ કરવા માટે H-1B વિઝાનો ઉપયોગ કરે છે. તેથી, H-1B વિઝાને દૂર કરવો એ ભારતીય વ્યાવસાયિકો માટે એક મોટો ફટકો હશે.

ટ્રમ્પ વહીવટીતંત્રે કાનૂની અને ગેરકાયદેસર બંને ઈમિગ્રેશન પર કડક કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે અને H-1B જેવા વીઝા પર નવા અને કડક પ્રતિબંધો લાદ્યા છે. ટ્રમ્પે ગયા વર્ષે એક ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં H-1B વીઝા કાર્યક્રમના દુરુપયોગને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો હતો, નવા ૐ-૧๒ વિઝા પર ૰૧૦૦,૦૦૦ ફી લાદી હતી. આ પગલાથી ભારતીય વ્યાવસાયિકોમાં વ્યાપક ગભરાટ, મૂંઝવણ અને ચિંતા ફેલાઈ હતી. નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે H-1B વીઝા મેળવનારાઓમાં ૮૦ ટકાથી વધુ ભારતીય અથવા ચીની નાગરિકો છે, જેમાં યુવાન કામદારોને પ્રાથમિકતા આપવામાં આવે છે.

અમેરિકાના આ સાંસદે સંસદમાં રજુ કરેલા બિલને એન્ડિંગ એક્સપ્લોઈટેટિવ ઈમ્પોર્ટેડ લેબર એક્ટ નામ આપ્યું છે. સાથે જ તેણે દાવો કર્યો હતો કે H-1B વિઝાને કારણે વિદેશના લોકોને અમેરિકામાં તક મળે છે પરંતુ અમેરિકાના નાગરિકો આ કામથી વંચિત રહી જાય છે.

### બારીઓમાંથી કાપલી પહોંચાડતા હતા

## બોર્ડની પરીક્ષામાં નકલ કરાવતા વાલીઓ ડ્રોનમાં ઝડપાઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોર્ડ પરીક્ષા દરમિયાન નકલ માટે યુપી અને બિહાર લાંબા સમયથી બદનામ રાજ્ય છે. આ રાજ્યોમાંથી નકલ કરવાની તસવીરો હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. પણ આ વખતે બોર્ડ પરીક્ષા ૨૦૨૬ની સૌથી ચર્ચિત તસવીર અને વીડિયો યુપી-બિહાર નહીં પણ મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. જ્યાં બીડ જિલ્લાની આ તસવીર ૧૨મા ધોરણની પરીક્ષાના પ્રથમ દિવસની છે. અહીં ચૌસાલામાં એક મહાવિદ્યાલયમાં આયોજિત ૧૨મા ધોરણની પરીક્ષા દરમિયાન ખુલ્લેઆમ નકલ કરવાની ઘટના સામે આવી છે.

મહારાષ્ટ્ર શિક્ષણ વિભાગ તરફથી દેખરેખ રાખવા માટે ઉડાવવામાં આવેલા ડ્રોન કેમેરામાં નકલની ઘટનાઓ રેકોર્ડ થઈ છે. ડ્રોન ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે પરીક્ષા કેન્દ્રની બારી અને દીવાલો પર મોટી સંખ્યામાં લોકો ચઢેલા છે. તેમાંથી છાત્રોના વાલીઓ પણ સામેલ હતા. જે પરીક્ષા આપી રહ્યા છે, તે બાળકો સુધી જવાબની કાપલી પહોંચાડવામાં આવી રહી હતી. નકલનો વીડિયો અને ફોટો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

બિહાર બોર્ડની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરુ થવાની છે. અહીં ૨૫ ફેબ્રુઆરી સુધી પરીક્ષા ચાલશે. પરીક્ષામાં નકલ રોકવા માટે તમામ તૈયારીઓ થઈ ચૂકી છે. એક સમય હતો, જ્યારે મહારાષ્ટ્રની હાલની તસવીરો જેવા જ ફૂટેજ બિહારમાંથી આવ્યા હતા.

બિહાર બોર્ડ પરીક્ષા દરમિયાન લેવાયેલી તસવીરો ૧૯ માર્ચ ૨૦૧૫ના વૈશાલી જિલ્લાની છે. જ્યાં પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને વાલીઓ અને સંબંધીઓ નકલ કરવા માટે બિલ્ડિંગ પર ચઢીને કાપલી પકડાવી રહ્યા હતા. બિહારમાં નકલની સૌથી ચર્ચિત ઘટના વર્ષ ૨૦૧૬માં સામે આવી હતી. જ્યાં બોર્ડ પરીક્ષામાં ધાંધલી કરીને ૧૨મા ધોરણની એક વિદ્યાર્થિની રૂબી રાયને ટોપર બનાવી દીધી હતી. આ છાત્રા પોલિટિકલ સાયન્સનો યોગ્ય રીતે ઉચ્ચારણ પણ નહોતી કરી શકી. ટૂંક સમયમાં તેની ધરપકડ કરી લીધી હતી.

આ તસવીર હરિયાણા બોર્ડ પરીક્ષા ૨૦૨૪ની છે. નૂંહ જિલ્લાના ટૌરુમાં ચંદ્રાવતી સ્કૂલમાં ૧૦મા બોર્ડની પરીક્ષા દરમિયાન લોકો સ્કૂલની દીવાલો પર ચઢીને ચિટ કરતા દેખાયા હતા. તેમાં પરીક્ષા આપી રહેલા સ્ટુડન્ટ્સના વાલીઓ પણ હતા. અહીં પરીક્ષા શરુ થવાના થોડી વાર પહેલા પેપર લીક થવાના સમાચાર પણ આવી ચૂક્યા છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૧૧/૦૨/૨૦૨૬

| અં.નં. | આઈટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૧૮ | ૫૦૪.૦૦ | ૫૨૭.૦૦ |
| ૨ | મગફળી | ૩૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૮૦.૦૦ |
| ૩ | એરંડા | ૦ | ૧,૨૭૦.૦૦ | ૧,૨૮૦.૦૦ |
| ૪ | રાયડો | ૪૭ | ૧,૦૦૬.૦૦ | ૧,૧૩૪.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૪૦.૦૦ | ૪૬૧.૦૦ |
| ૬ | કપાસ | ૨૦૨ | ૧,૩૦૦.૦૦ | ૧,૫૭૦.૦૦ |
| ૭ | સોયાબીન | ૫૫ | ૯૯૨.૦૦ | ૧,૦૦૦.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨૫૨૬ અને ચાંદીના વાયદામાં રૂ.૧૪૯૫૧નો ઉછાળોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૯૨ની તેજી

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૩૦૫.૨૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૬૦૪૧.૪૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૧૭૮.૪૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૭૪૦ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૮૩૪૮.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૩૦૫.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૬૦૪૧.૪૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૭૪૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૧૫.૮૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૧૭૮.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૪૩૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૫૧૧ અને નીચામાં રૂ.૧૫૭૫૬૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૬૮૦૩ના આગલા બંધ સામે રૂ.૨૫૨૬ના ઉછાળા સાથે રૂ.૧૫૯૩૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૦૯૨ વધી રૂ.૧૨૯૫૫૬ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૬૪ વધી રૂ.૧૬૨૨૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૧૧ વધી રૂ.૧૫૭૦૩૧ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૫૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૯૦૦ અને નીચામાં રૂ.૧૫૮૪૩૨ના મથાળે અથડાઈ, રૂ.૧૫૭૯૫૧ના આગલા બંધ સામે રૂ.૧૬૮૯ વધી રૂ.૧૫૯૬૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૭૯૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૭૬૯૯ અને નીચામાં રૂ.૨૫૭૯૩૮ના મથાળે અથડાઈ, રૂ.૨૫૨૫૪૮ના આગલા બંધ સામે રૂ.૧૪૯૫૧ના ઉછાળા સાથે રૂ.૨૬૭૪૯૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪૦૧૯ની તેજી સાથે રૂ.૨૭૩૯૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪૧૧૪ ઊછળી રૂ.૨૭૩૮૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૧૨૭.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૨૭.૭ વધી રૂ.૧૨૬૧.૩૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૫.૩૫ વધી રૂ.૩૩૧.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૩.૮૫ વધી રૂ.૩૧૫.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૨ વધી રૂ.૧૮૯.૯ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૯૮૧.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૩૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૫૦ અને નીચામાં રૂ.૩૩૩૬ના મથાળે અથડાઈ, રૂ.૮૯ વધી રૂ.૩૪૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૮૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૧૫ અને નીચામાં રૂ.૫૮૨૮ના મથાળે અથડાઈ, રૂ.૫૮૦૦ના આગલા બંધ સામે રૂ.૯૨ની તેજી સાથે રૂ.૫૮૯૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૯૩ વધી રૂ.૫૮૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો




એમએમબીટીયુદીઠ રૂ.૫.૨ ઘટી રૂ.૨૮૩.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫.૧ ઘટી રૂ.૨૮૩.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૭.૨ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૯૬૬ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪૦ ઘટી રૂ.૨૫૯૧૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૦ના ભાવે ખૂલી, રૂ.૧૨ ઘટી રૂ.૨૬૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૮૩૬.૯૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૩૪૧.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૨૩૭૬.૩૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૬.૬૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩.૮૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭૦.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૭.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૧૯.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૪૪.૪૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૯૯૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૪૬૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૬૩૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૫૧૦૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૪૦૯૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૮૧૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૧૩૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૧૫૮૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૪૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૪૪૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૩૯૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૧૯૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૭૮૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૧૯૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૮૦ પોઈન્ટ વધી ૩૯૭૪૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૬.૯ વધી રૂ.૧૫૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ ઘટી રૂ.૧૯.૬ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬ વધી રૂ.૨૪૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૦૧.૫ વધી રૂ.૬૮૨૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧.૯૨ વધી રૂ.૨૦.૬૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૮ પૈસા વધી રૂ.૧.૨૯ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૭૫ વધી રૂ.૧૬૪.૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૨૦.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૩.૫ વધી રૂ.૧૪૨૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩૩૪.૫ વધી રૂ.૫૭૩૯ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૨.૧ ઘટી રૂ.૧૧૫.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ વધી રૂ.૧૫.૫૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૯ ઘટી રૂ.૨૮૧૧ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૧૩૭ ઘટી રૂ.૧૪૦૧૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૩૭ ઘટી રૂ.૯.૧૨ થયો હતો. જસત માર્ચ રૂ.૨૭૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૨ પૈસા ઘટી રૂ.૦.૧૧ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૫.૮ ઘટી રૂ.૧૪૬.૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨ વધી રૂ.૧૫.૯૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૮૬.૫ ઘટી રૂ.૩૯૬૫.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૨૦ ઘટી રૂ.૭૨૦.૫ના ભાવે બોલાયો હતો.

## 'વંદે માતરમ' માટે નવા નિયમો જાહેર રાષ્ટ્રગાન પહેલાં ગાવું પડશે રાષ્ટ્રગીત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના સન્માન અને તેના ગાયન માટે નવા નિયમોની જાહેરાત કરવામાં આવી છે. આ નવા પ્રોટોકોલ મુજબ, હવે સત્તાવાર કાર્યક્રમોમાં રાષ્ટ્રગાન(જન ગણ મન)ની સાથે વંદે માતરમ ગાવાના નિયમોમાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે.સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નવા નિયમો મુજબ, હવેથી કોઈપણ સરકારી કે સત્તાવાર કાર્યક્રમમાં વંદે માતરમનું સન્માન રાષ્ટ્રગાનની સમકક્ષ જાળવવાનું રહેશે.

નવા ફેરફાર મુજબ, જો કાર્યક્રમમાં બંને ગીતોનો સમાવેશ હોય, તો સૌપ્રથમ વંદે માતરમ ગાઈને તેની શરૂઆત કરવામાં આવશે. આ દરમિયાન જે રીતે રાષ્ટ્રગાન વખતે સાવધાનની મુદ્રામાં ઊભા રહેવામાં આવે છે, તે જ રીતે હવે વંદે માતરમ વખતે પણ ઊભા રહેવું ફરજિયાત કરવામાં આવ્યું છે.

આ નિયમ રાષ્ટ્રધ્વજ ફરકાવવા, કાર્યક્રમોમાં રાષ્ટ્રપતિના આગમન અને તેમના ભાષણો કે રાષ્ટ્રના નામે સંબોધનથી પહેલા અને બાદમાં લાગુ પડશે. આની સાથે રાજ્યના રાજ્યપાલોના આગમન અને તેમના ભાષણોથી પહેલા અને બાદમાં પણ નક્કી મુદત અને સંસ્કરણનું પાલન કરવું ફરજિયાત કરાયું છે. અત્યાર સુધી વંદે માતરમના માત્ર પ્રથમ કેટલાક અંશો જ ગાવાની પરંપરા રહી છે, પરંતુ નવા નિયમમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હવે તેના ૬ છંદો ગાવામાં આવશે. આ સમગ્ર ગાયન માટે અંદાજે ૩ મિનિટ અને ૧૦ સેકન્ડનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે.

આ નિર્ણયનો હેતુ રાષ્ટ્રીય ગીતના સંપૂર્ણ સન્માન અને તેના ઐતિહાસિક મહત્ત્વને જાળવી રાખવાનો છે.સરકારનું માનવું છે કે રાષ્ટ્રીગીત 'વંદે માતરમ' એ ભારતીય સ્વતંત્રતા સંગ્રામનું પ્રતિક છે અને તેને રાષ્ટ્રગાન જેટલું જ સન્માન મળવું જોઈએ.

### સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું

## ઓમ બિરલાને અપશબ્દો કહ્યાં, ચેમ્બરમાં ઘૂસી ૨૫ કોંગ્રેસી સાંસદોએ હોબાળો મચાવ્યો

### આ દરમિયાન પ્રિયંકા ગાંધી વાડ્રા અને કે.સી. વેણુગોપાલ સહિત અનેક વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ પણ ત્યાં હાજર હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદના બજેટ સત્રમાં સતત ચાલી રહેલા હોબાળા વચ્ચે બુધવારે કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કોંગ્રેસના સાંસદો પર ગંભીર આરોપ લગાવ્યા છે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું હતું કે, આશરે ૨૦-૨૫ કોંગ્રેસ સાંસદો લોકસભા સ્પીકરના ચેમ્બરમાં ઘૂસી ગયા હતા. સ્પીકર સાથે અપશબ્દો (ગાળો) કહ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે, આ દરમિયાન પ્રિયંકા ગાંધી વાડ્રા અને કે.સી. વેણુગોપાલ સહિત અનેક વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ પણ ત્યાં હાજર હતા. બુધવારે સંસદ પરિસરમાં પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતા રિજિજૂએ કહ્યું, "સ્પીકર સાહેબ ખૂબ જ દુઃખી છે. મેં તેમની સાથે વાત કરી છે. સ્પીકર સાહેબના ચેમ્બરમાં જઈને ગાળાગાળી કરી અને ખરાબ વર્તન કર્યું હતું. સ્પીકર સાહેબે જે નિર્ણય આપ્યો તેને માન્યો નહીં, અને પછી રાહુલ ગાંધી કહે છે કે તેમને ગૃહમાં બોલવા માટે કોઈની પરવાનગીની જરૂર નથી, તેઓ પોતાની મરજીથી બોલશે. આ બધું રેકોર્ડ પર છે. પરંતુ ગૃહમાં અધ્યક્ષની પરવાનગી વગર બોલી શકાય નહીં." કેન્દ્રીય મંત્રીએ વધુમાં ઉમેર્યું, "જ્યારે ૨૦-૨૫ કોંગ્રેસી સાંસદો સ્પીકરના ચેમ્બરમાં ઘૂસ્યા, ત્યારે હું પણ ત્યાં ગયો હતો. તેમણે સ્પીકર સાથે જે રીતે ગાળાગાળી કરી, તે હું શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી. સ્પીકર ખૂબ જ નરમ વ્યક્તિ છે, નહીંતર વધુ કડક પગલાં લઈ શકાયા હોત." રિજિજૂએ કહ્યું કે, જ્યારે સ્પીકરને અપશબ્દો કહેવામાં આવતા હતા ત્યારે ત્યાં પ્રિયંકા ગાંધી અને વેણુગોપાલ પણ હાજર હતા અને તેઓ આ બાબતને પ્રોત્સાહન આપી રહ્યા હતા. આ અગાઉ, વિપક્ષે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટેનો પ્રસ્તાવ લાવવા અંગેની નોટિસ મંગળવારે લોકસભાના મહાસચિવને સોંપી હતી. ઓમ બિરલા પર પક્ષપાતપૂર્ણ રીતે ગૃહ ચલાવવા, કોંગ્રેસના સભ્યો પર ખોટા આરોપો લગાવવા અને પોતાના પદનો દુરુપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. લોકસભા સચિવાલયના સૂત્રોએ જણાવ્યું કે, વિપક્ષ દ્વારા નોટિસ મળ્યા બાદ સ્પીકર બિરલાએ નિર્ણય લીધો છે કે જ્યાં સુધી આ મામલાનો નિકાલ ન આવે ત્યાં સુધી તેઓ આસન પર નહીં બેસે. તેમણે મહાસચિવ ઉત્પલ કુમાર સિંહને નોટિસની તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

માહિતી મુજબ, નીચલા ગૃહમાં કોંગ્રેસના ઉપનેતા ગૌરવ ગોગોઈ, મુખ્ય સચેતક કોડિકુનિલ સુરેશ અને સચેતક મોહમ્મદ જાવેદે આ નોટિસ સોંપી હતી. આ નોટિસ પર કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે અને અન્ય વિપક્ષી દળોના આશરે ૧૨૦ થી વધુ સાંસદોએ સહી કરી છે. જોકે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ આ નોટિસ પર સહી કરી નથી.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


## વડનગરના સબલપુર ગામે પતિએ પત્નીના માથામાં હથોડી મારી દેતાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

વડનગર તાલુકાના સબલપુર વેણમાં રહેતા પરિવારમાં મધરાતે કોઈ કારણોસર આવેશમાં આવી ગયેલા પતિએ પત્નીના માથામાં હથોડી મારતાં તેણીને સારવાર માટે લઈ જતાં પહેલાં જ મોત નિપજ્યું હતું. વડનગર પોલીસે પતિ સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વડનગર તાલુકાના સબલપુર વેણ કહીપુર રોડ પર રહેતા અતુલજી ભલાજી ઠાકોર અને તેમનાં પત્ની ગોમતીબેન (ઉં.વ.૫૨) સોમવારે રાત્રે જમ્યા બાદ ઘરની બાજુમાં છાપરામાં સૂવા ગયા હતા. રાત્રે ૨ વાગ્યે માતાએ બુમ પાડતાં ઘરમાં સૂઈ રહેલા તેમના પુત્ર અશ્વિનજી દોડીને છાપરામાં ગયા ત્યારે તેમના પિતા ત્યાં ઊભેલા હતા, નીચે હથોડી પડેલી હતી અને તેમનાં માતા માથાના ભાગ્યું હોઈ લોહીલુહાણ હાલતમાં પડેલાં હતાં. અશ્વિનજીએ બુમો પાડતાં તેમના બે ભાઈઓ શૈલેશજી અને બકાજી પણ ત્યાં દોડી આવ્યા હતા અને ગંભીર ઈજાગ્રસ્ત માતાને સારવાર માટે પડોશીની કારમાં બેસાડી વડનગર સિવિલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે ગોમતીબેનને મૃત જાહેર કર્યાં હતાં. વડનગર પોલીસને જાણ કરતાં મૃતકનું પીએમ કરાવવા સહિતની કાર્યવાહી હાથ ધરાઈ હતી.


નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### અભિષેક શર્માના સ્વાસ્થ્યને લઈને મોટી અપડેટ

# બેટ્સમેન અભિષેક શર્માને હોસ્પિટલમાંથી રજા મળી

## અભિષેક શર્મા બીમાર પડતા ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અભિષેક શર્મા બીમાર પડતા ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધી ગયું છે. આ વચ્ચે સમાચાર આવી રહ્યાં છે કે, હવે તે સ્વસ્થ છે અને તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. ટીમ ઈન્ડિયા પોતાની આગામી મેચ ગુરુવારે રમશે. એ પહેલા એક સારા સમાચાર આવ્યા છે, જેનાથી ભારતીય ટીમનો આત્મવિશ્વાસ વધી જશે. જો કે, તે રમશે કે નહીં, તે અંગે પછીથી નિર્ણય લેવામાં આવશે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય ટીમ ગુરુવારે એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પોતાની બીજી મેચ રમશે. તેના એક દિવસ પહેલા ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન તિલક વર્માએ મીડિયા સાથે વાતચીત કરી હતી, આ દરમિયાન તેણે સારા સમાચાર આપ્યા. તિલક વર્માએ કહ્યું કે, અભિષેક શર્માને આજે એટલે કે બુધવારે રજા આપી દેવામાં આવી છે. પરંતુ એ નિર્ણય મેચના દિવસે એટલે કે આવતી કાલે થશે કે તે રમશે કે નહીં. અભિષેક શર્માને પેટમાં ઈન્ફેક્શનના કારણે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો હતો.

આ વચ્ચે ભારતીય ટીમ ૧૨ ફેબ્રુઆરીએ દિલ્હીમાં નામીબિયા સામે મેચ રમીને કોલંબો માટે રવાના થશે, જ્યાં ભારત અને પાકિસ્તાનની મેચ રમાશે. આ મેચ વિશે જ્યારે તિલક વર્માને સવાલ કરવામાં આવ્યો તો, તેણે કહ્યું કે, આ મેચમાં રમવા માટે ટીમ એક્સાઈટેડ છે અને તેના માટે પહેલાથી તૈયાર હતા. જ્યારે અમને સમાચાર મળ્યાં કે, પાકિસ્તાની ટીમ રમવા માટે તૈયાર છે, તો અમે મેચને લઈને એક્સાઈટેડ થઈ ગયા.

ટીમ ઈન્ડિયાની જીતમાં અભિષેક શર્માનું મોટું યોગદાન રહે છે. તે આવતા જ ઓપનિંગમાં આક્રમક શરૂઆત કરે છે, જેનાથી વિરોધી ટીમ પહેલા જ પ્રેશરમાં આવી જાય છે. આ વચ્ચે પહેલી મેચમાં જ્યારે ભારત અને યુએસએ વચ્ચે મેચ રમાઈ ત્યારે તે ખાતું ખોલાવ્યા વગર શૂન્ય પર આઉટ થઈ ગયો હતો. ત્યાર બાદ ટીમ ફસાઈ ગઈ હતી. જો કે કેપ્ટન સૂર્યકુમાર યાદવે શાનદાર ઈનિંગ રમીને ટીમને સંકટમાંથી બહાર કાઢી અને ત્યાર બાદ મેચે જીત નોંધાવી. હવે જોવું રહ્યું કે, કેપ્ટન સૂર્યા અભિષેક શર્માને રમાડવાને શું નિર્ણય લે છે.

### હિંમતનગરમાં લવજેહાદનો કિસ્સો

# જ્વેલર્સ શોરુમના કર્મચારીએ ગ્રાહક સગીરાને ફસાવીને પાંચ લાખ રૂપિયાની માંગણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)હિંમતનગર

સાબરકાંઠાના હિંમતનગરમાં લવજેહાદનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં હિંમતનગરના એક જાણીતા જ્વેલર્સ શોરુમના કર્મચારીએ ગ્રાહક સગીરાને ફસાવીને પાંચ લાખ રૂપિયાની માંગણી કરી હતી. સમગ્ર મામલે પરિવારે હિંમતનગર એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ત્રણ યુવકની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. હિંમતનગરના જાણીતા જ્વેલર્સ શોરૂમના કર્મચારીએ ઘરેણાં ખરીદી કરવા આવેલા પરિવારની સગીર દીકરી પાસે ફીડબેક ફોર્મ ભરાવ્યું હતું. આમ, ફીડબેક ફોર્મમાં લખેલા મોબાઈલ નંબર અને ઈમેઈલ, સરનામું મેળવી આરોપીએ સગીરાને પરેશાન કરવાનું શરૂ કર્યું હતું.

આ પછી જ્વેલર્સના કર્મચારી સગીરાને જાળમાં ફસાવાનો પ્રયાસ કરીને ધનીક પરિવાર પાસે પાંચ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આ ઉપરાંત, આરોપીએ ફોટા એડિટ કરીને અને વાઈરલ કરી સગીરાને બદનામ કરવાની ધમકીઓ આપી પૈસા માંગ્યા હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર મામલે સગીરાએ પરિવારને જણાવ્યું હતું. ત્યારબાદ પરિવારે હિંમતનગર એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી. જેને લઈને પોલીસે છટકું ગોઠવીને આરટીઓ બાયપાસ રોડ પરથી આરોપીને ઝડપી પાડ્યા હતા. લવજેહાદમાં ફસાવવાનો પ્રયાસ કરી ખંડણી માંગતા યુવકોને ઝડપી લેવાયા હતા.

સમગ્ર બનાવમાં પોલીસે ત્રણ યુવક સામે ગુનો નોંધી, ધરપકડ બાદ જેલને હવાલે કર્યા છે. જાણીતા જ્વેલર્સ સામે સંડોવણી અને કર્મચારીઓની વિગતો સહિતની તમામ જાણકારીઓ મેળવી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનોએ આ મામલાને કડક કાર્યવાહીની માગ સાથે કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે.

આરોપીના નામ

- મોહમ્મદ શાહિદ સરદાર મોહમ્મદ શેખ, (રહે.સરાડા, ઉદયપુર, રાજસ્થાન)
- મોહમ્મદ શોહેલ મોહમ્મદ સલીમ મકરાણી, (રહે. મદની સોસાયટી, આરટીઓ સર્કલ, હિંમતનગર)
- મનિષ ગઢવી, (રહે.આણંદ)

### સમજાવવા જતાં ધારિયા અને બેટથી હુમલો

# લખતરના દેવરીયા ગામે જૂની અદાવતમાં બે પરિવારો વચ્ચે મારામારી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના દેવરીયા ગામમાં એક જ સમાજના બે પરિવારો સામસામે આવી જતાં ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

ક્ષુલ્લક બાબતે શરૂ થયેલી તકરારે જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં એક યુવકે લોકોના ટોળા પર કાર ચઢાવી દેવાનો ભયાનક પ્રયાસ કર્યો હોવાની વિગતો સામે આવી છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, દેવરીયા ગામમાં એક યુવક બેફામ રીતે કાર ચલાવી રહ્યો હતો. જ્યારે ગામના લોકો અને અન્ય પરિવારના સભ્યો તેને સમજાવવા ગયા ત્યારે મામલો વધુ ઉગ્ર બન્યો હતો. ઉશ્કેરાયેલા યુવકે મારી નાખવાના ઈરાદે લોકોના ટોળા પર કાર ચઢાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી બંને પક્ષો વચ્ચે બોલાચાલી બાદ ધારિયા અને બેટ જેવા જીવલેણ હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો.

આ લોહીયાળ સંઘર્ષમાં યશપાલસિંહ રાણા અને જગદીશસિંહ રાણા નામના બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી સુરેન્દ્રનગરની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હુમલાની આ ઘટનાને પગલે ગામમાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

સમગ્ર મામલે લખતર પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હુમલો કરનાર ધર્મેન્દ્રસિંહ રાણા અને અજયસિંહ રાણા નામના બે ભાઈઓ સામે લખતર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

પોલીસ દ્વારા હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તેમજ ઘટના પાછળના ચોક્કસ કારણો જાણવા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવી છે.

### પરિવારના મોભીઓએ જીવનલીલા સંકેલી

# સિહોરના સોનગઢમાં દંપતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના સોનગઢ ગામેથી એક અત્યંત કરૂણ અને હચમચાવી દેતી ઘટના સામે આવી છે. સોનગઢમાં રહેતા એક આધેડ દંપતીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. એક જ ઘરમાં પતિ-પત્નીના મૃતદેહ મળી આવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, સોનગઢમાં રહેતા ૫૫ વર્ષીય ગુણવંતભાઈ મોહનભાઈ ડાભી અને તેમના પત્ની ૫૩ વર્ષીય ગીતાબેન ગુણવંતભાઈ ડાભીએ પોતાના નિવાસસ્થાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ આસપાસના લોકોને થતા તુરંત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. દંપતીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી.

ઘટનાની જાણ થતા જ સોનગઢ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોનો કબ્જો સંભાળી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બંનેના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે સિહોરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

સોનગઢ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આર્થિક સંકડામણ, બીમારી કે અન્ય કોઈ કૌટુંબિક કારણ આ આપઘાત પાછળ જવાબદાર છે કે કેમ, તે દિશામાં પોલીસ પરિવારજનોની પૂછપરછ કરી રહી છે. એકસાથે પતિ-પત્નીના અવસાનથી ડાભી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

# પતિએ પાવડાના ઘા ઝીંકી પત્નીને મોતને ઘાટ ઉતારી

(સંપૂર્ણ સમાચાર સેવા)દેવભૂમિદ્વારકા

ભાણવડના ગ્રામ્ય પંથકમાં પાવડાના ઘા ઝીંકી પતિ દ્વારા પત્નીની હત્યા કરાઈ હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ખેતરમાં પાણી વાળવા બાબતે ઝઘડો થતા પતિએ ઉશ્કેરાઈને પત્નીને માથાના ભાગે પાવડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હોવાની માહિતી મળી રહી છે, ત્યારે સમગ્ર મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઘટનાની મળતી માહિતી મુજબ, દેવભૂમિદ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના સણખલા ગામેથી આ ઘટના સામે આવી છે, જ્યાં ખેતરમાં પાણી વાળવા જેવી સામાન્ય વાતમાં દંપતિ વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો, જેમાં પતિ નંદરામ ગરવાલ આવેશમાં આવીને હેવાન બન્યો હતો અને પત્ની રેખાબેનના માથાના ભાગે લોખંડના પાવડાના જીવલેણ ઘા ઝીંકી દીધા હતા.આટલું જ નહીં, આ પતિ નંદરામ ગરવાલે તો હેવાનિયતની હદ તો ત્યારે વટાવી જ્યારે ઘટના બાદ ગંભીર રીતે ઘાયલ રેખાબેનને જમીન પર ઢળી પડી હોવા છતાં તેના છાતી અને આંખના ભાગે આડેધડ મુક્કા માર્યા હતા અને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને બાદમાં ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી.પતિ દ્વારા જ પત્નીની નિર્મમ હત્યાની ચોંકાવનારી ઘટનાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘટનાની જાણ થતા જ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી પતિ નંદરામ ગરવાલને દબોચી લીધો હતો, સાથે જ બનાવમાં વપરાયેલો પાવડો જપ્ત કરી પોલીસે કાયદેસરનો ગુનો નોંધી આ મામલે હાલ વધુ તપાસ હાથ ધરી છે.

### ડ્રગ્સ કેસનો વોન્ટેડ અનેક ગુનામાં છે આરોપી

# સુરતના કુખ્યાત ચિરાગ ગોટીનું આત્મસમર્પણ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં છેલ્લા ઘણાં સમયથી નામચીન ચિરાગ ગોટીનો આતંક જોવા મળી રહ્યો છે. મિત્રની કારમાં ડ્રગ્સ મૂકવાના કેસથી માંડીને કરોડોની ઉઘરાણી, મારપીટ અને રિવોલ્વર બતાવી જાનથી મારી નાખવાની ધમકી સુધી અનેક આરોપો તેના પર લાગ્યા છે, ત્યારે ગુરુકુલ પાસેથી પકડાયેલા ૭૦ ગ્રામ એમડી ડ્રગ્સના કેસમાં ચિરાગ ગોટીએ કોર્ટમાં સરન્ડર કરી દીધું છે. તે છેલ્લા ૮ મહિનાથી વોન્ટેડ જાહેર થતાં નેપાળ ભાગી ગયો હતો. વાત છે આશરે ૧૦ મહિના પહેલાની, સિંગણપોર પોલીસે વાહન ચેકિંગ દરમિયાન બાતમીના આધારે ઓઈલના વેપારી અલ્પેશ મિયાણીની ૭.૮૭ લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. જેની તપાસમાં ખૂલ્યું હતું કે ભાગીદાર મિત્ર અલ્પેશ મિયાણી સાથે થયેલી રકઝક બાદ ચિરાગ ગોટી અદાવત રાખી અલ્પેશ મિયાણીની કારમાં ડ્રગ્સ મૂક્યું હતું. જેની બાતમી ચિરાગે જ પોલીસને આપી હતી. જેથી પોલીસે ૭.૮૭ લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે અલ્પેશ મિયાણીને ઝડપી પાડ્યો હતો. પરંતુ પોલીસ તપાસમાં જ ચિરાગ ગોટીની શાતિર કરતૂતનો ભાંડો ફૂટી ગયો હતો.

પોલીસે કોર્ટમાં મિત્રની કારમાં ડ્રગ્સ પ્લાન કરનાર ચિરાગ ગોટી અને ડ્રગ્સ વેચનાર મોહંમદ સફવાન મોહંમદ ઈશાક મેવાવાલા વિરુદ્ધ ચાર્જસીટ દાખલ કરી હતી. કારણ કે તપાસમાં ભાગીદાર ચિરાગ ગોટી, તેના ભાઈ નિરાંત અને પિતા ઘનશ્યામ ગોટીની કરતૂતના પૂરતા પુરાવા મળ્યા હતા. ફરિયાદ નોંધાતા તે પોલીસથી બચવા સતત સ્થળ બદલતો હતો અને નેપાળ ભાગી જઈ અલગ અલગ હોટલમાં રોકતો હતો. ત્યારે હવે સુરતની કોર્ટમાં સરન્ડર થતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ બાદ ચિરાગ ગોટી અને તેના ભાઈ નિરાંતેએ આગોતરા જામીન મેળવવા ધમપછાડા કર્યા હતા. સુરતની સેશન્સ કોર્ટએ જામીન ફગાવી દેતા ગુજરાત હાઈકોર્ટમાં જામીન માગ્યા હતા. પરંતુ ત્યાં પણ આગોતરા જામીન ન મળતા સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. જેની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે મુખ્ય સૂત્રધાર ચિરાગ આઠ મહિનાથી વોન્ટેડ છે ને ભાગતો ફરે છે. બંને પક્ષની દલીલ બાદ કોર્ટે નિરાંતની જામીન અરજીમાં મુદત આપી ચિરાગને બે અઠવાડિયામાં સરન્ડર થવા નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચિરાગ ગોટી સુરતની કોર્ટમાં સરન્ડર થયો હતો જે બાદમાં કોર્ટે તેનો કબજો પોલીસને આપ્યો છે.

### સુરતમાં રખડતા કૂતરાનો આતંક

# ગેટ પાસે રમતી ૨ વર્ષની બાળકી પર ૩ કૂતરાઓએ હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ડાયમંડ સિટી સુરતમાં રખડતા કુતરાનો આતંક અટકવાનું નામ નથી લઈ રહ્યો. સુરત શહેરના ઉન વિસ્તારમાં એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં ઘરના ગેટ પાસે રમી રહેલી માત્ર ૨ વર્ષની માસૂમ બાળકી પર ત્રણ રખડતા કૂતરાઓએ હિંસક હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ છે, જે જોઈને કોઈપણનું કાળજું કંપી ઉઠે તેમ છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, સુરત શહેરમાં ઉન સોસાયટીમાં રહેતી બે વર્ષની બાળકી પોતાના ઘરના ગેટ પાસે રમી રહી હતી. રમતા-રમતા બાળકી ગેટની થોડી બહાર નીકળી કે તરત જ ત્યાં હાજર ત્રણ જેટલા રખડતા કૂતરાઓ તેના તરફ ધસી આવ્યા હતા. બાળકી કંઈ સમજે તે પહેલા જ એક કૂતરાએ તેને નીચે પાડી દીધી હતી અને તેના સાથળના ભાગે ગંભીર રીતે કરડી લીધું હતું. બાળકીની ચીસાચીસ સાંભળી પરિવારજનો દોડી આવતા કૂતરાઓ ભાગ્યા હતા. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી બાળકીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતા સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, સુરત મહાનગરપાલિકાનું તંત્ર રખડતા કુતરાને પકડવામાં નિષ્ફળ કેમ જઈ રહ્યું છે? સુરતમાં અગાઉ પણ રખડતા કૂતરાઓએ અનેક બાળકો અને વૃદ્ધોને નિશાન બનાવ્યા છે. હાઈકોર્ટની ફટકાર હોવા છતાં પાલિકાની ડોગ બર્થ કંટ્રોલ (DBC) પોલિસી માત્ર કાગળ પર હોય તેવું જણાઈ રહ્યું છે. ઉન વિસ્તારની આ ઘટના બાદ હવે રહીશો રખડતા કૂતરાઓના કાયમી નિકાલની માગ કરી રહ્યા છે.

# દિયોદરમાં ભુવા સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠાના દિયોદરમાં ભુવા સામે દુષ્કર્મની ફરિયાદ કરવામાં આવી છે. ભુવા સહિત ત્રણ શખ્સો સામે એક મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી મહિલા પર અલગ અલગ જગ્યાએ દુષ્કર્મ ગુજાર્યું હોવાની ફરિયાદ થતાં પોલીસે ભુવા સહિત ત્રણ આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠાના દિયોદરમાં એક મહિલાએ ભુવા સહિત ત્રણ શખ્સો સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

### સંબંધ તોડતા જ અસલી ચહેરો સામે આવ્યો

# બિભત્સ ક્લિપ વાયરલ કરનાર નરાધમ કરણ દંતાણી ઝડપાયો

## લગ્નના બહાને આરોપીએ યુવતી સાથે અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા આ દરમિયાન આરોપીએ કેટલીક અંગત પળોની બિભત્સ ક્લિપ્સ પણ બનાવી લીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના મહિધરપુરા વિસ્તારમાં એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં પ્રેમમાં અંધ બનેલા એક યુવકે બદલાની ભાવનામાં યુવતીની બિભત્સ ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધી હતી. જોકે, સુરતની મહિધરપુરા પોલીસ દ્વારા ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને મહેસાણાથી દબોચી લેવામાં આવ્યો છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, આરોપી કરણ નરેશભાઈ દંતાણી દ્વારા ભોગ બનનારી યુવતીને લગ્નની લાલચ આપી પ્રેમ જાળમાં ફસાવી હતી. લગ્નના બહાને આરોપીએ યુવતી સાથે અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દરમિયાન આરોપીએ કેટલીક અંગત પળોની બિભત્સ ક્લિપ્સ પણ બનાવી લીધી હતી.

સમય જતાં યુવતીને કોઈ કારણોસર આરોપીના ઈરાદા પર શંકા જતા તેણે સંબંધ તોડી નાખવાનો નિર્ણય કર્યો હતો. બ્રેકઅપ બાદ ઉશ્કેરાયેલા કરણ દંતાણીએ યુવતીને બદનામ કરવાના બદ ઈરાદે આ બિભત્સ ક્લિપ્સ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ કરી દીધી હતી. પોતાની આબરૂના ધજાગરા થતા જોઈ પીડિતાએ હિંમત ભેગી કરી મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખતા મહિધરપુરા પોલીસ એક્શનમાં આવી હતી. આરોપી ધરપકડથી બચવા માટે ભાગતો ફરતો હતો, પરંતુ પોલીસ દ્વારા હ્યુમન ઈન્ટેલિજન્સ અને લોકેશન ટ્રેસિંગ દ્વારા આરોપી કરણને મહેસાણા જિલ્લામાંથી ઝડપી લેવામાં આવ્યો છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે કે, આરોપીએ અન્ય કોઈને પણ આ રીતે શિકાર બનાવ્યા છે કે કેમ?

### સોમા ભાલિયાએ પોતાની પીઠ પર સાંકળો પર ઝીલી

# રાજકોટ ભાજપના નવનિયુક્ત ઉપપ્રમુખ માંડવામાં ધૂણ્યા

## ભાજપના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી મળ્યા બાદ સોમા ભાલિયાના ધૂણતા વીડિયોએ હાલ ભાજપ કાર્યકરો અને લોકોમાં ચર્ચા જગાવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરના ભાજપના નવનિયુક્ત ઉપપ્રમુખ સોમા ભાલિયાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં હાલ ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તેઓ માતાજીના માંડવામાં ભૂવાઓની હાજરીમાં ધૂણી રહ્યા છે.

સોમા ભાલિયાએ પોતાની પીઠ પર સાંકળો પર ઝીલી હતી, ઘણા લોકો આ વીડિયોને ભક્તિભાવ અને આસ્થા સાથે જોડી રહ્યા છે તો ઘણા લોકો અંધશ્રદ્ધાની રૂપે જોઈ રહ્યા છે. પણ કહેવાય છે કે આસ્થા હોય ત્યાં પુરાવાની કોઈ જરૂર નથી. ભાજપના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી મળ્યા બાદ સોમા ભાલિયાના ધૂણતા વીડિયોએ હાલ ભાજપ કાર્યકરો અને લોકોમાં ચર્ચા જગાવી છે.

હાલ સોમા ભાલિયા વાઈરલ વીડિયો અંગે સ્પષ્ટ પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે. સવાલ પર કહ્યું કે જે વીડિયો વાઈરલ થયો છે તે જૂનો છે, તે મારી શ્રદ્ધા અને આસ્થા છે, કોઈ હિત શત્રુ દ્વારા હવે વીડિયો વાઈરલ કરવામાં આવ્યો છે. જો કે તેમણે જાહેર જીવનમાં આ કેટલું યોગ્ય તેનો જવાબ દેવાનું ટાળ્યું હતું. બીજી તરફ શહેર ભાજપ ઉપપ્રમુખ સોમા ભાલિયાના ધૂણતા વીડિયો પર વિજ્ઞાન જાથાએ સવાલ ઉઠાવ્યા છે અને કહ્યું કે રાજકીય પક્ષો અને નેતાઓએ અંધશ્રદ્ધાને પ્રોત્સાહન મળે તેવું વર્તન કરવું ન જોઈએ. ભૂવા-ભરાડી જેવી પ્રવૃત્તિઓ સમર્થન આપવું યોગ્ય નથી. સોમા ભાલિયા માતાજીના પરમ ભગત તરીકે પણ ઓળખ ધરાવે છે. ધાર્મિક ભાવના સાથે જોડાયેલા આ દૃશ્યોને લોકો બે રીતે જોઈ રહ્યા છે. આ પહેલા રાજકોટ ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીના માતાજીના માંડવામાં ધૂણતા હોય તેવા દ્રશ્યો વાઈરલ થયા હતા.

### દ્વારકાની પવિત્રતાને લાંછન લગાવતી તેવી ઘટના ઘટી

# પવિત્ર યાત્રાધામ દ્વારકામાં ગૌમાંસ પકડાતા સનાતનીઓમાં રોષ ફેલાયો

## શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીએ આરોપીઓની મિલકતો તપાસી કડક કાર્યવાહી કરવા માગ કરી છે રૂપેણ બંદરથી ૩ ઝડપાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)દ્વારકા

જગત મંદિર અને પવિત્ર યાત્રાધામ દ્વારકાની પવિત્રતાને લાંછન લગાવતી એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાંથી પોલીસ દ્વારા રેડ કરવામાં આવી હતી. આ રેડ દરમિયાન ૫૦ કિલો ગૌમાંસનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર રાજ્યના સનાતન ધર્મીઓમાં રોષ ફાટી નીકળ્યો છે, ત્યારે દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય દ્વારા પણ આ મામલે અત્યંત આકરૂ વલણ અપનાવવામાં આવ્યું છે. દ્વારકા પોલીસ દ્વારા મળેલી બાતમીના આધારે રૂપેણ બંદરમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગૌમાંસના જથ્થા સાથે માતા-પુત્ર અને એક સપ્લાયરની અટકાયત કરવામાં આવી છે. પવિત્ર યાત્રાધામમાં ગૌમાંસનો આવો કાળો કારોબાર ચાલતો હોવાના પર્દાફાશથી પોલીસ તંત્ર પર પણ સવાલો ઉભા થયા છે.આ ઘટનાની ગંભીરતાને જોતા દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજે આકરી નિંદા કરી છે. તેમણે જણાવ્યું કે, ગૌમાતામાં ૩૩ કોટિ દેવતાઓનો વાસ છે. અમે ગૌમાતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવાની માગ કરી રહ્યા છીએ, ત્યારે પવિત્ર તીર્થનગરીમાં આવું નીચ કૃત્ય સનાતન આસ્થા પર સીધો પ્રહાર છે. શંકરાચાર્યજીએ માત્ર ધરપકડથી સંતોષ ન માનતા પોલીસ તંત્રને આદેશાત્મક લહેજામાં કહ્યું છે કે, આ આરોપીઓની મિલકતોની તપાસ કરવામાં આવે. આ શખ્સો અન્ય કોઈ મોટા રેકેટમાં સંડોવાયેલા છે કે, કેમ અને તેમની બેનામી મિલકતો ક્યાં આવેલી છે તેની ઊંડી તપાસ થવી જોઈએ. આ કૃત્ય કરનારા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી થાય તેવી માગ ઉઠી છે.

# સુરત જિલ્લામાં ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી બોર્ડ પરીક્ષા માટે ૧,૬૧,૦૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

આગામી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી સમગ્ર ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ વર્ષે પણ સુરત જિલ્લો રાજ્યમાં સૌથી વધુ પરીક્ષાર્થીઓ નોંધાવનારો જિલ્લો બન્યો છે. સુરત જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) ભગીરથસિંહ પરમારના જણાવ્યા અનુસાર, પરીક્ષાના સુચારૂ સંચાલન માટે તમામ વહીવટી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.સુરત જિલ્લામાં આ વર્ષે કુલ ૧,૬૧,૦૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે, જેના માટે ૫૬૫૩ બ્લોક્સ તૈયાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની સંખ્યાની વાત કરવામાં આવે, તો ધોરણ ૧૦માં ૯૨,૨૨૮ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ)માં ૫૧,૬૦૦ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં ૧૭,૧૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે તૈયાર છે.

પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો અને વર્ગખંડોને CCTV કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની વિશેષ નિમણૂક કરવામાં આવી છે, જેઓ પરીક્ષા સમયે કેન્દ્ર પર હાજર રહી પારદર્શિતા જાળવશે. સુરત જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ગત ૨ ફેબ્રુઆરીના રોજ મળેલી સમિતિની બેઠકમાં તમામ વિભાગોને સંકલન કરવા સૂચના આ છે. વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મુશ્કેલી ન પડે તે માટે એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન પણ કરવામાં આવશે. સુરત DEOએ ખાતરી આપી છે કે, વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની અગવડતા ન પડે તેનું પૂરતું ધ્યાન રાખવામાં આવશે.

સુરતના જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી બોર્ડની પરીક્ષાની શરૂઆત થવા જઈ રહી છે. આ માટે સુરત જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ છે. સુરત કલેક્ટર આ સમિતિના અધ્યક્ષ છે. તેમની અધ્યક્ષતામાં ૨ ફેબ્રુઆરીના રોજ મિંટિંગ યોજાઈ હતી. તમામ વિભાગોને જરૂરી સુચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓને કોઈ જાતની અગવડ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

### ૩ અઠવાડિયામાં જવાબ આપવા આદેશ

# અમદાવાદ પ્લેન ક્રેશ કેસ : સુપ્રીમ કોર્ટે તપાસનો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો

## વિમાન દુર્ઘટના અંગે સુપ્રીમમાં અનેક અરજીઓ દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ વિમાન દુર્ઘટના માત્ર ભારત જ નહીં, પરંતુ વિશ્વભરની અત્યાર સુધીની સૌથી ભયાનક વિમાન દુર્ઘટનાઓ પૈકીની એક છે. ગયા વર્ષે ૧૨ જૂનના રોજ એર ઈન્ડિયાનું બોઈંગ ડ્રીમલાઈનર ૭૮૭-૮ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. જોકે, ટેકઓફની થોડી જ ક્ષણોમાં વિમાન અકસ્માતનો ભોગ બન્યું અને એરપોર્ટ પાસે આવેલી એક મેડિકલ હોસ્ટેલ સાથે અથડાઈને ક્રેશ થઈ ગયું. આ દુર્ઘટનાને કારણે વિમાનમાં આગ લાગી અને તમામ મુસાફરો ઉપરાંત હોસ્ટેલમાં રહેલા કેટલાક મેડિકલ સ્ટુડન્ટ્સના પણ મોત નિપજ્યું હતું. આ ઉપરાંત મેડિકલ હોસ્ટેલને પણ ભારે નુકસાન થયું હતું. આ દર્દનાક અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ઉપરાંત જે મેડિકલ હોસ્ટેલ સાથે વિમાન અથડાયું હતું, તેના ૧૯ લોકોનાં પણ મોત થયાં હતાં. ત્યારથી આ મામલે તપાસ ચાલી રહી છે, જેમાં હવે સુપ્રીમ કોર્ટ દ્વારા મોટો આદેશ આપવામાં આવ્યો છે. અમદાવાદ પ્લેન ક્રેશ મામલે સુપ્રીમ કોર્ટે આજે, બુધવાર, ૧૧ ફેબ્રુઆરીએ તપાસનો સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે. આ સ્ટેટસ રિપોર્ટ રેકોર્ડ પર લેવા માટે મંગાવવામાં આવ્યો છે અને આ માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ૩ અઠવાડિયાનો સમય આપ્યો છે.

અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ દાખલ કરવામાં આવી છે. સીજેઆઈ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચ દિવંગત કેપ્ટન સુમિત સભરવાલના પિતા દ્વારા કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. જે દરમિયાન આ સ્ટેટસ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન કેન્દ્ર અને ડાયરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોની તપાસ તેના અંતિમ તબક્કામાં છે.

કેન્દ્રના બીજા સૌથી મોટા કાયદા અધિકારીએ સુપ્રીમ કોર્ટને ખાતરી આપી હતી કે, તપાસનો સ્ટેટસ રિપોર્ટ ટૂંક સમયમાં તૈયાર થઈ જશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તપાસના ભાગરૂપે વિમાનના કેટલાક ભાગોને વિશેષ પરીક્ષણ માટે વિદેશમાં મોકલવામાં આવ્યા છે.

### ૨૦થી વધુ ગુનામાં સંડોવાયેલા આરોપી ઝડપાયો

# વલસાડમાં 'મદારી ગેંગ'નો આતંક, સાધુના વેશમાં દંપતીને લૂંટી લીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

દક્ષિણ ગુજરાતમાં આસ્થાના નામે છેતરપિંડી કરતી એક ખતરનાક ગેંગ સક્રિય થઈ છે...ભગવા કપડાં પહેરીને સાધુનો વેશ ધારણ કરી પાખંડીઓ નિર્દોષ લોકોને પોતાનો શિકાર બનાવી રહ્યા છે. જો કે પોલીસની સતર્કતાથી ગેંગનો સાગરિત સકંજામાં આવી ગયો છે. વલસાડમાં ભગવા વસ્ત્રો પહેરી આસ્થાના નામે લૂંટ કરતી ગેંગનો પર્દાફાશ થયો છે. પીઠા ગામ પાસે એક વૃદ્ધ દંપતીને હિપ્નોટાઈઝ કરી સોનાના ઘરેણાં પડાવી લેનાર મદારી ગેંગના એક સાગરીતને વલસાડ LCBએ દબોચી લીધો છે. ઝડપાયેલો આરોપી કોઈ જેવો-તેવો ગુનેગાર નથી, પણ તેના પર ગુજરાતભરમાં ૨૦થી વધુ કેસ નોંધાયેલા છે. આ આરોપીનું નામ છે નરસિંહનાથ ઉર્ફે નરેન્દ્રનાથ મદારી.

ગત ૭મી ફેબ્રુઆરીએ જ્યારે ૭૩ વર્ષીય જયંતીભાઈ પટેલ અને તેમના પત્ની પીઠા ગામે જઈ રહ્યા હતા, ત્યારે આ સફેદ સ્વિફ્ટ કાર તેમની પાસે આવી ઉભી રહી. રસ્તો પૂછવાના બહાને વાત શરૂ થઈ અને પલક ઝપકાવતા જ વૃદ્ધાને હિપ્નોટાઈઝ કરી તેના સોનાના દાગીના ઉતરાવી લીધા હતા. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાતા જ વલસાડ ન્ઝ્મ એ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

ટેકનિકલ સર્વેલન્સમાં જાણવા મળ્યું કે આરોપીઓ ખેડબ્રહ્મા તરફ ભાગી રહ્યા છે. પોલીસે ફિલ્મી ઢબે નાકાબંધી કરી નરસિંહનાથને દબોચી લીધો. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું કે આ ગેંગ સમગ્ર ગુજરાતમાં સક્રિય છે અને આરોપી નરસિંહનાથ સામે અલગ-અલગ જિલ્લાઓમાં ૨૦થી વધુ ગુના નોંધાયેલા છે. આરોપી પાસેથી લૂંટાયેલા ઘરેણાં પણ રિકવર કરવામાં આવ્યા છે.

હાલ તો વલસાડ પોલીસે એક આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે, પરંતુ મુખ્ય સાગરીત અમરનાથ પઢિયાર હજુ ફરાર છે. પોલીસની અલગ-અલગ ટીમો તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે... આ કિસ્સો લાલબત્તી સમાન છે કે અજાણ્યા લોકોની વાતોમાં આવી પોતાની કિંમતી વસ્તુઓ ગુમાવવી નહીં.

### જામનગરના ચંગા ગામની ઘટના

# લગ્ન પ્રસંગે ઢોલ વગાડવા ગયેલા ત્રણ પિતરાઈ ભાઈઓને માર મારી હડધૂત કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર તાલુકાના ચંગા ગામમાં રહેતા અને ઢોલ વગાડતા વિરમભાઈ ભોજાભાઈ નામના ૪૦ વર્ષના દલિત યુવાને પોતાના ઉપર તેમજ પોતાના નાનાભાઈ તથા પિતરાઈ ભાઈ ત્રણેયને મારકુટ કરી હડધૂત કરવા અંગે પોતાના ગામના પ્રવીણસિંહ ભીખુભા પિંગળ, ભરતસિંહ કેશુભા અને અજીતસિંહ મઘાજી પિંગળ સામે ફરિયાદ નોંધાવી છે.

પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદી ત્રણેય પિતરાઈ ભાઈઓ પોતાના ગામમાં એક લગ્ન પ્રસંગમાં ઢોલ વગાડવા માટે ગયા હતા. જ્યાં મહેમાનો દ્વારા ઢોલી પર પૈસા ઉડાડવામાં આવ્યા હતા, જે પૈસા એકત્ર કરીને થેલીમાં રાખ્યા હતા. જેમાંથી છુટા કાઢવાના મામલે પ્રવિણસિંહ ભીખુભાને થઈ હતી અને થેલામાં હાથ નાખીને પૈસા લેવાની ના પાડતાં ઉસ્કેરાઈ જઈ આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.

ત્રણે આરોપીઓ દ્વારા સમાધાન કરવાના બહાને પાછળથી ઘરે આવી મહિલા સભ્યોને પણ ફરિયાદ નહીં કરવા અને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી ઊચારી હતી, જે મામલે પોલીસે એસ્ટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

### વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં ધરખમ વધારો

# અમદાવાદ સોલા સિવિલમાં નોંધાયા ૧૩૯૯૧ કેસ

## રાજ્યમાં બેવડી ઋતુને કારણે વાયરલ ઈન્ફેક્શન, શરદી, ખાંસી અને તાવ જેવા રોગોના કેસમાં ધરખમ વધારો નોંધાયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં હાલ સવારે અને મોડી રાત્રે શિયાળો હોય તેવો અહેસાસ થાય છે, જ્યારે બાકીના સમયે ગરમીનો અનુભવ થાય છે. આમ રાજ્યમાં હાલ બેવડી ઋતુનો માહોલ જોવા મળી રહ્યો છે. જે કારણે રોગચાળાએ માથું ઉચક્યું છે. રાજ્યમાં બેવડી ઋતુને કારણે વાયરલ ઈન્ફેક્શન, શરદી, ખાંસી અને તાવ જેવા રોગોના કેસમાં ધરખમ વધારો નોંધાયો છે. અમદાવાદ શહેરમાં બેવડી ઋતુને કારણે વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદની સોલા સિવિલ ખાતે OPDમાં ગત સપ્તાહ દરમિયાન ૧૩૯૯૧ કેસ નોંધાયા છે. સોલા સિવિલમાં વાયરલ ઈન્ફેકશનના દર્દીઓમાં વધારો થવાના કારણે આરોગ્ય વિભાગની ચિંતામાં વધારો થયો છે. જેમાં દર્દીઓને શરદી, ખાંસી, તાવ, આંખોમાં બળતરા જેવી ફરિયાદો જોવા મળી છે.

અમદાવાદ સોલા સિવિલમાં ૬૫૦ દર્દીઓને એડમિટ કરવાની ફરજ પડી છે. અમદાવાદ સોલા સિવિલ ખાતે ડેન્ગ્યુના શંકાસ્પદ ૭૬ અને મેલેરિયાના ૫૧૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સાથે અમદાવાદ સોલા સિવિલમાં બાળકોની ઓપીડીમાં રોજના ૫૦થી વધુ કેસ નોંધાયા છે. જેમાં ૧૫ બાળ દર્દીઓની તબિયત વધુ લથડતા તેમને દાખલ કરવાની ફરજ પડી છે.બેવડી ઋતુને લીધે વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો થતા સોલા સિવિલના ડોક્ટર કિરણ ગોસ્વામીએ અપીલ કરી છે કે, વાયરલ ઈન્ફેક્શનમાં દર્દીઓએ બેદરકારી રાખવી જોખમી સાબિત થઈ શકે છે. વાયરલ ઈન્ફેક્શનમાં દર્દીને તુરંત સારવાર લેવી જરૂરી છે. સામાન્ય રીતે વાયરલ ઈન્ફેક્શન ૩ દિવસમાં દર્દીને રાહત થતી હતી, જે હવે ૫ થી ૭ દિવસ સુધી દર્દીઓને વાયરલ ઈન્ફેક્શનમાં હેરાન થવું પડી રહ્યું છે.

# કડીમાં પોલીસનો સપાટો, ૭૪ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા જિલ્લામાં દારૂબંધીના કડક અમલ વચ્ચે કડી પોલીસ દ્વારા ઈરાણા ગામની સીમમાં મોટી કાર્યવાહી કરીને વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. કડી-છત્રાલ માર્ગ પર આવેલા ઈરાણા ગામ નજીક એક ખરાબામાં ઉભેલી ટ્રકમાંથી લાખોની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, કડી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઈરાણા ગામ નજીક ખરાબાની જમીનમાં એક શંકાસ્પદ ટ્રક ઉભી છે અને તેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસ દ્વારા ત્વરિત કાર્યવાહી કરી રેડ કરવામાં આવી હતી. આ દરમિયાન ટ્રકની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પોલીસની તપાસ દરમિયાન ટ્રકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૮૪૨૪ બોટલો મળી આવી હતી. કડી પોલીસ દ્વારા દારૂનો આ માતબર જથ્થો અને ગુનામાં વપરાયેલી ટ્રક મળી કુલ ૭૪,૪૬,૬૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. કડી પોલીસની આ કાર્યવાહીના કારણે બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હાલમાં કડી પોલીસ દ્વારા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. આ કામગીરીથી સ્થાનિક બુટલેગરોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

### એડિશનલ સી.પી. મ્યુનિ. કમિશનર સુરસાગરની મુલાકાતે

# વડોદરામાં શિવજી કી સવારીની તડામાર તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

મહાશિવરાત્રીના પાવન પર્વે આગામી તા. ૧૫મીએ પ્રસ્થાન થનારી શિવજી કી સવારી અંગે તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે શહેરના એડિ. પોલીસ કમિ. તથા મ્યુ. કમિ. સહિત ઉચ્ચ અધિકારીઓએ સુરસાગર તળાવની મુલાકાત લીધી હતી. વિવિધ ચર્ચાઓ દરમિયાન સત્યમ શિવમ સુન્દરમ પરિવારના અગ્રણી અને ધારાસભ્યએ પણ જરૂરી સૂચનો કર્યા હતા. આગામી તા. ૧૫, મહાશિવરાત્રીના પાવન પ્રસંગે શહેરના વિવિધ જાહેર માર્ગો પરથી શિવજી કી સવારી શિવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બપોરે ૧.૩૦ વાગ્યાના સુમારેથી રાતના ૧૦ વાગ્યા સુધી શિવજી કી સવારી શિવ પરિવાર સાથે શહેરના રાજમાર્ગો પરથી પસાર થશે. આ વિશાળ શોભાયાત્રા દરમિયાન પોલીસ તંત્ર શહેરના દ્વારા જુદા જુદા વિસ્તારના ૧૯ સ્થળોએ નો-પાર્કિંગ અને ૩૪ જેટલા રોડ રસ્તા પર વાહન પાર્કિંગ માટે પ્રવેશબંધી ફરમાવાઈ છે. શિવજી કી સવારી શિવ પરિવારની શોભા યાત્રા નિમિત્તે તળાવમાં તૈયારીઓ શરૂ કરાય છે ત્યારે શહેર પોલીસ કમિશનર સાથે વીવી વિભાગના આયોજકોની પણ ખાસ બેઠક યોજાઈ હતી. જેમાં ઈન્ટર એજન્સી કોઓર્ડીનેશન અને આયોજકો સાથે પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ કલેકટર કચેરીના અધિકારીઓ, એસએસજી સ્ટાફ, ફાયર બ્રિગેડ, વીજ નિગમના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે બીજી બાજુ શિવજી કી સવારીના પગલે ટ્રાફિક ડાયવર્ઝન પણ આગામી રવિવારે અપાયું છે. દરમિયાન શહેર પોલીસ તંત્રના એડિશનલ પોલીસ કમિશનર, પાલિકા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, ફાયર સ્ટાફ, એસએસજી સ્ટાફ, તથા વીજ નિગમ સ્ટાફ તથા અન્ય અધિકારીઓએ સુરસાગરની મુલાકાત લીધી હતી. સમી સાંજે સુરસાગર ખાતે શિવજીની વિશાળ પ્રતિમા સમક્ષ યોજનારી મહા આરતી સંદર્ભે તમામ ચર્ચા વિચારણા કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા સત્યમ શિવમ સુંદરમ પરિવારના અગ્રણી અને ધારાસભ્ય યોગેશ પટેલે ઉપસ્થિત રહીને તમામ અગ્રણીઓ સાથે મુલાકાત સમયે વિવિધ સૂચનો કર્યા હતા.

# ભરૂચના અંકલેશ્વરમાં લેગેસી વેસ્ટ કૌભાંડ સામે આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચના અંકલેશ્વરમાં લેગેસી વેસ્ટ કૌભાંડ સામે આવ્યું છે. વૈજ્ઞાનિક ઢબે ત્રણ સ્ટેજમાં નિકાલ કરવાની જગ્યાએ સેંકડો ટન વેસ્ટ ખાડીમાં ધરબી દેવાયો છે.

નગરપાલિકાના પ્રમુખ ભાવેશ કાયસ્થ અને કારોબારી ચેરમેન નિલેશ પટેલે દરોડા પાડીને સમગ્ર કૌભાંડ ઝડપી પાડ્યું હતું. જે કોન્ટ્રાક્ટરને પ્રદૂષણ દૂર કરવા માટેના પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. તેણે જ જમીન અને પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કર્યો હતો.અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ ભાવેશ કાયસ્થ અને કારોબારી ચેરમેન નિલેશ પટેલે દરોડા પાડીને આ કૌભાંડ ઝડપી લીધું હતું. પાલિકા પ્રમુખ ભાવેશ કાયસ્થે જણાવ્યું હતું કે, જે કોન્ટ્રાક્ટરને પ્રદૂષણ દૂર કરવા માટે પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેણે જ જમીન અને પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કર્યા હતાં. શંકા ના જાય તે માટે વેસ્ટ સેગ્રીગેશન સાઈટ સુકાવલીને અડીને રસ્તો કાઢી અવાવરૂ ખાડીમાં વેસ્ટ ધરબી દેવાયો હતો. અંકલેશ્વર પાલિકાએ આ કૌભાંડ કરનારા કૌન્ટ્રાક્ટરનું ૯૫ લાખ રૂપિયાનું પેમેન્ટ અટકાવી દીધું હતું. કોન્ટ્રાક્ટરે લેખિત પત્ર સાથે કબૂલાત કરી કચરો હટાવવાની બાંહેધી આપી બચવાનો પ્રયાસ કર્યો હતો.

# દ્વારકા જિલ્લામાં ટાઈફોઈડના કેસોમાં વધારો થયો, મીઠાપુરમાં સૌથી વધુ અસર

(સંપૂર્ણ સમાચાર સેવા) દ્વારકા

રાજ્યમાં બદલાતા હવામાન અને ચોમાસાની સિઝન વચ્ચે જળજન્ય રોગચાળો માથું ઊંચકી રહ્યો છે. જામનગર જિલ્લામાં કોલેરાના કેસોએ ચિંતા વધારી છે, ત્યારે હવે પાડોશી જિલ્લા દેવભૂમિ દ્વારકામાં ટાઈફોઈડના કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે.

ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તાર ગણાતા મીઠાપુરમાં ટાઈફોઈડના કેસોની સંખ્યા વધુ હોવાનું સામે આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ટાઈફોઈડના કુલ ૧૩ પોઝિટિવ એક્ટિવ કેસ નોંધાયા છે. આ તમામ દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ટાઈફોઈડ એ દૂષિત પાણી અને ખોરાકથી ફેલાતો ગંભીર રોગ હોવાથી, આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તપાસ તેજ કરવામાં આવી છે.

મીઠાપુર વિસ્તારમાં કેસોનું પ્રમાણ વધુ હોવાથી ત્યાં ખાસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. એક તરફ કોલેરા અને બીજી તરફ ટાઈફોઈડના ખતરાને જોતા જિલ્લા આરોગ્ય તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ બન્યું છે.

### પૈસા મામલે મિત્રએ જ મિત્રને પતાવી દીધો!

# બોપલના વકીલ સાહેબ બ્રિજ નીચે ખેલાયેલો ખૂની ખેલ

## એક આરોપીએ બે લાખ રૂપિયા મૃતકને આપ્યા બાદ ઉઘરાણીને લઈને માથાકૂટ થતાં હત્યા કરી હોવાનું સામે આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના બોપલ વકીલ સાહેબ બ્રિજ નીચે મંગળવારે રાત્રે એક યુવક લક્ઝરી બસમાં બેઠો હતો. તે સમયે તેને એક શખ્સે ફોન કરતા યુવકે તેને મળવા બોલાવ્યો હતો. આરોપી તેના સાગરિતો સાથે આવ્યો હતો અને યુવકને મૂઢ માર મારીને છરીથી હુમલો કરતા યુવકનું મોત નીપજ્યું હતું. સરખેજ પોલીસે હત્યાનો ગુનો નોંધી બે આરોપીની ધરપકડ કરી છે. જેમાં એક આરોપીએ બે લાખ રૂપિયા મૃતકને આપ્યા બાદ ઉઘરાણીને લઈને માથાકૂટ થતાં હત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

મૂળ રાજસ્થાનનો ૨૫ વર્ષીય શિવા કલાસુઆ સાઉથ બોપલ એપલવુડ પાસે ભાડાની ઓરડીમાં રહેતો હતો. શિવા કલાસુઆ મંગળવારે રાત્રે બોપલ વકીલ સાહેબ બ્રિજ નીચે સ્ત્રી મિત્ર, સુરેશ અહારી તથા અનિલ ગામેતી સાથે સુરેશ અહારીની ટ્રાવેલ્સમાં બેઠા હતા. તે દરમિયાનમાં શિવાને કોઈ નારાયણ ઉર્ફે રાજકુમાર નામના વ્યક્તિએ ફોન કરતા શિવાએ તેને મળવા બોલાવ્યો હતો. ત્યારે નારાયણ રાજકુમાર નામનો વ્યક્તિ તેના સાગરિતોને લઈને બોપલ વકીલ સાહેબ બ્રિજ નીચે આવ્યો હતો. જેમાં સુનિલ ખુરકિયા નામનો યુવક પણ હતો.

આ તમામ લોકોએ શિવાને બહાર બોલાવીને ગડદાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. આ સમયે સુનિલ ખોકરીયાએ તેની પાસેની છરી કાઢીને શિવાને એક પછી એક ઘા માર્યા હતા. જેથી શિવા બચવા માટે ભાગ્યો ત્યારે ત્યાં રોડની કિનારીએ જઈને પટકાયો હતો. તેની સાથેના લોકોએ દોડી આવીને શિવાને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

સરખેજ પોલીસને જાણ કરાયા બાદ પોલીસે સ્થળ પર પહોંચી હત્યાનો ગુનો નોંધીને સુનિલ ખુરકિયા અને જયેશ બાલાઈ નામના બે આરોપીની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સુનિલ ખુરકિયાએ દિવાળી સમયે મૃતકને બે લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા. મૃતક શિવાએ તે રૂપિયા પરત ન આપતા આરોપી સુનિલ ઉઘરાણી કરતો હતો. તે દરમિયાનમાં મારામારી ઝપાઝપી થતાં આરોપીએ છરીથી શિવાની હત્યા કરી નાખી હતી.

આરોપી જયેશ પેલેડીયમ મોલમાં સાફ સફાઈનું કામ કરતો હોવાનું સામે આવ્યું છે. જ્યારે તેની સામે અગાઉ ત્રણ ગુના નોંધાયેલા છે. ઉપરાંત મૃતક શિવા સામે પણ અગાઉ ચાર ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

### જાન ઘરે પહોંચવાને બદલે પોલીસ સ્ટેશન પહોંચી

# આણંદમાં લગ્નમાં લેવડ-દેવડમાં વર-કન્યા પક્ષ વચ્ચે પથ્થરમારો થયો

## પોલીસની સમજાવટથી વર-કન્યા પક્ષ વચ્ચે સમાધાન થયું હતુ અને સમગ્ર ઘટનામાં હજી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદમાં લગ્ન પૂર્ણ થયા બાદ વર-કન્યા પક્ષે મારામારીની ઘટના બની હતી જેમાં લાકડીઓ, ખુરશીઓ વડે એકબીજા પર મારામારી કરવામાં આવી હતી અને સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં બંન્ને પક્ષના ૮થી વધુ લોકો પથ્થરમારામાં ઈજાગ્રસ્ત થયા હતા. આણંદમાં એક અજીબ ઘટના બની હતી જેમાં લગ્ન પૂર્ણ થતા વર-કન્યા પક્ષે મારામારીની ઘટના બની હતી અને વર-કન્યા વિદાયના બદલે પોલીસ મથકે પહોંચ્યા હતા જેમાં પોલીસની સમજાવટથી વર-કન્યા પક્ષ વચ્ચે સમાધાન થયું હતુ અને સમગ્ર ઘટનામાં હજી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી, પોલીસે સમજાવટથી મામલો થાળે પાડયો હતો, સમગ્ર ઘટનમાં લોકોએ એકબીજા પર ખુરશીઓ પણ ઉઠાવી હતી અને વર અને કન્યા બન્ને સામસામે બેસી રહ્યાં હતા. વર કન્યા પક્ષના લોકો વચ્ચે ભારે પથ્થરમારો થયો હતો અને વર કન્યાના લગ્ન પૂર્ણ થયા બાદ લેવડ દેવડમાં મામલો બિચકયો હોવાની વાત સામે આવી છે, પોલીસે બન્ને પક્ષે બાંહેધરી લીધી હતી કે તેઓ મારમારી નહી કરે અને સમગ્ર ઘટનામાં પોલીસ સ્ટેશનથી હોલ પર આવીને દિકરીની વિદાય કરવામાં આવી હતી, સૂત્રો તરફથી એવી માહિતી મળી હતી કે, કરિયાવરને લઈ આ માથાકૂટ થઈ હતી.

### ભેળસેળિયો માલ જાહેરમાં સળગાવીશું

# ઊંઝામાં જીરું અને વરિયાળીમાં ભેળસેળ કરનારા વેપારીઓના લાયસન્સ રદ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

એશિયાના સૌથી મોટા મસાલા માર્કેટ તરીકે ઓળખાતા મહેસાણા જિલ્લામાં આવેલા ઊંઝામાં મસાલાની શુદ્ધતા જાળવવા માટે APMC અને ફૂડ વિભાગ દ્વારા કમર કસવામાં આવી છે. જીરું અને વરિયાળીમાં ભેળસેળ કરતા તત્વો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ઊંઝા APMCના ચેરમેન દિનેશ પટેલે અત્યંત આક્રમક વલણ અપનાવતા ભેળસેળિયા વેપારીઓને ખુલ્લી ચેતવણી આપી છે.APMC ચેરમેન દિનેશ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ઊંઝાની વિશ્વસનીયતા સાથે ચેડા કરનારને છોડવામાં આવશે નહીં. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જો કોઈ વેપારી ભેળસેળ કરતો પકડાશે, તો તેનું લાયસન્સ તાત્કાલિક રદ કરવામાં આવશે. તમે ભેળસેળ વાળું જીરું કે વરિયાળી પકડીને લાવો, અમે તેને બધાની વચ્ચે જાહેરમાં સળગાવીશું. ખાસ કરીને જીરું અને વરિયાળીમાં ગોળની રસી અને પાવડરનું કોટિંગ કરનારા તત્વો સામે કડક તપાસના આદેશ અપાયા છે.

બીજી તરફ, ફૂડ વિભાગના અધિકારીએ પણ કડક તેવર બતાવ્યા છે. ફૂડ ઓફિસર દ્વારા ટકોર કરવામાં આવી હતી કે, જો તમે આ ભેળસેળિયા મસાલા તમારા પોતાના બાળકને ખવડાવી શકતા હોવ, તો જ આવો માલ વેચવાની છૂટ છે. તપાસ દરમિયાન ગમે તેવા મોટા રાજકારણીનો ફોન આવશે, તો પણ કોઈની શરમ રાખ્યા વગર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તપાસની કડક કાર્યવાહી વચ્ચે અધિકારીએ માનવતાની દ્રષ્ટિએ પણ વાત કરી હતી. તેમણે ભેળસેળિયા તત્વોને ભાવુક અપીલ કરતા કહ્યું કે, લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારાઓ એ ન ભૂલવું જોઈએ કે ઉપર બેઠેલો ભગવાન બધું જોઈ રહ્યો છે. હાલમાં ઊંઝામાં ફૂડ વિભાગ દ્વારા વિવિધ સ્થળોએ રેડ અને સેમ્પલિંગની કાર્યવાહી સતત ચાલુ છે.

### સુરતના રાંદેરમાં વિચિત્ર ચોરી

# તસ્કર ઘરની બહારથી મોંઘા પગરખાં ચોરી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં રોકડ-સોનાના દાગીના નહીં પરંતુ બ્રાન્ડેડ બૂટ-ચપ્પલની ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ચોરે રાંદેરની જિલ્લા પંચાયત સોસાયટીમાંથી બે થેલા ભરાય એટલાં પગરખાં ચોર્યા હોવાની ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

મળતી માહિતી મુજબ, સુરતના રાંદેર નવયુગ કોલેજ પાસેની સોસાયટીમાં બે દિવસ પહેલા મોડી રાત્રે લૂંટના ઈરાદે આવેલા શખસે સોના-ચાંદીના દાગીના કે રોકડ નહીં પરંતુ મોંઘા પગરખાંની ચોરી કરી હતી.

સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. જેમાં જોવા મળે છે કે, ચોર સોસાયટીમાં પ્રવેશ કરીને ઘરોની બહાર રહેલા શૂ-કેસમાંથી મોંઘા પસંદગીના બૂટ-ચપ્પણની ચોરી કરી હતી. જેમાં જૂના અને સામાન્ય દેખાતા પગરખાં ચોર છોડી દેતો હતો.

થોડી વારમાં બે કોથળા ભરાય તેટલાં પગરખાં ચોરીને ચોર ત્યાંથી ફરાર થઈ જાય છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

રહીશોએ આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, ત્યારે પોલીસે વીડિયોના આધારે વધુ તપાસ હાથ ધરી છે.